હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ, છેલ્લા વર્ષોથી ધંધો ગુરૂ દોવાનો કરૂ છું... અને નિત્ય-આનંદમાં રહેતો હતો, પરંતુ હમણાં મારી બે શિષ્યાને પોલીસ પકડી જવા બાદ મને નિત્ય-આનંદ નથી આવતો...

ગાંધીનગરમાં ઠંડી યથાવત પારો ૧૧.૫ ડિ.સે. પહોંચ્યો

ગાંધીનગર, તા. ૧૮

ઠંડીનો જોરદાર રાઉન્ડ ચાલી રહ્યો છે. ગાંધીનગરમાં જોરદાર ઠંડી પડી રહી છે. આજે સતત ત્રીજા દિવસે પણ શહેરમાં ઠંડીનો પારો યથાવત રહ્યો હતો.

ગાંધીનગરમાં ઠંડીનો પારો ૧૧ ડિગ્રીની આસપાસ સ્થિર રહ્યો છે. શહેરમાં વધી રહેલી ઠંડીના કારણે જનજીવન પર તેની અસર જોવા મળી રહી છે. ગાંધીનગરાઓએ ઠંડીના કારણે ઘરની બહાર નીકળવાનુ ઓછુ કરી દીધુ છે. માર્ગો ખૂબ જ વહેલા સુમસામ થઈ જાય છે. બજારોમાં પણ અવરજવર સાવ ઓછી થઈ જાય છે.

છેલ્લા ત્રણ દિવસથી લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રીની નજીક જ રહ્યુ છે. વળી શહેર છેલ્લા કેટલાય દિવસોથી ત્રીજા કે ચોથાક્રમે રાજ્યનુ કોલ્ડેસ્ટ સીટી બની રહ્યુ છે. આજે લઘુત્તમ તાપમાન ૧૧.૫ ડિ.સે. રહેતા ઠંડી જળવાઈ રહી છે. જ્યારે મહત્તમ તાપમાન ૨૬.૫ રહેતા દિવસે પણ ઠંડી અનુભવાઈ હતી. અચાનક ફૂંકાતા ઠંડા પવનોએ વસાહતીઓને પરેશાન કરી દીધા છે.

...લ્યો હવે, સિવિલના ઓપીડીના દર્દીઓની સોનોગ્રાફી નહી થાય

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવિલમાં છેલ્લા કેટલાક સમયથી રેડીયોલોજી ડોકટરની અછત વર્તાય છે. સિવિલનો રેડીયોલોજી વિભાગ એસઆર અને જેઆર ડોકટર્સ દ્વારા ચલાવવામાં આવે છે. તેમાં પણ માત્ર એક જ ડોકટર હોવાથી ગણતરીના દર્દીઓની જ સોનોગ્રાફી થાય છે. ત્યારે રેડીયોલોજી ડોકટરની અછત હોવાથી સિવિલના તાત્કાલીક સારવાર વિભાગ અને ઈન્ડોર દર્દીઓની જ સોનોગ્રાફી કરવામાં આવશે, જયારે ઓપીડીમાં આવતા દર્દીઓની સોનોગ્રાફી કરવામાં આવશે નહી તેમ સમગ્ર સિવિલ કેમ્પસમાં ચર્ચાઈ રહ્યું છે. સિવિલના રેડીયોલોજી વિભાગમાં ડોકટરોની ઘટ પુરવામાં આવે તેવી દર્દીઓની તેમજ નાગરીકોની લાગણી અને માંગણી છે.

સિવિલના રેડીયોલોજી

વિભાગમાં ડોકટરોના અભાવે સોનોગ્રાફીમાં રોજ લાંબી લાઈનો લાગે છે. એકસ-રે, સીટીસ્કેનના રીપોટીંગ નહી થવાને પગલે ઓર્થોપેડીક અને સર્જરી વિભાગના ઓપરેશન પણ થઈ શકતા નથી. કેટલીકવાર ઓપરેશન થિયેટરમાં દર્દીના સગા અને સિવિલના સ્ટાફ સાથે ઘર્ષણના બનાવો પણ બને છે. ત્યારે હવે આ ગંભીર સમસ્યાનું નિરાકરણ કરવુ ખુબ જરૂરી બન્યું છે. સિવિલમાં સવાર-સાંજ થઈને ૧૦૦ થી વધુ સોનોગ્રાફી થાય છે, જયારે ૧૫ જેટલા સીટીસ્કેન દર્દીઓના કરવામાં આવે છે. ત્યારે રેડીયોલોજી વિભાગમાં ડોકટર ન હોવાથી દર્દીઓનો હાલાકીનો સામનો કરવો પડે છે. ત્યારે હવે સિવિલમાં ઈન્ડોર અને તાત્કાલીક વિભાગના જ દર્દીઓની સોનોગ્રાફી કરવામાં આવશે.ઓપીડી દર્દીઓની સોનોગ્રાફી હાલના તબક્કે થઈ શકશે નહી, સિવિલના રેડીયોલોજી વિભાગમાં માત્ર એક જ ડોકટર હોવાથી હાલત કફોડી બની રહી છે. ત્યારે આગામી સમયમાં આ મામલે સિવિલમાં દર્દીઓ અને સ્ટાફ વચ્ચે ચકમક જરે તો નવાઈ નહી. ત્યારે જીએમઈઆરએસ સોસાયટી સંચાલિત હોસ્પિટલમાં રેડીયોલોજી ડોકટરની ઘટ પુરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ડુંગરી ગરાસિયા સેવા સમાજ દ્વારા સમાજની પ્રતિભાઓને સન્માનશે

ગાંધીનગરના શ્રી ડુંગળી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા આગામી ફેબ્રુઆરી-૨૦૨૦ માસમાં પ્રથમ સપ્તાહમાં સંસ્થાના વાર્ષિક સ્નેહમિલન સમારંભનું આયોજન કરવાનુ વિચારવામાં આવી રહ્યું છે. આ સમારંભમાં વર્ષ ૨૦૧૯માં સમાજમાં જે વિદ્યાર્થીઓ-ખેલાડીઓએ શૈક્ષણિક તથા રમતગમત સહિત અન્ય વિશિષ્ટ સિદ્ધિ મેળવી હોય તેવી પ્રતિભાઓને, નવી નિમણૂંક, બઢતી કે નિવૃતિ મેળવનાર સભ્યોને સન્માનિત કરવામાં આવશે. આ સન્માનમાં સ્થાન પ્રાપ્તિ માટે યોગ્યતા ધરાવનારા સભ્યો-વિદ્યાર્થીઓ-ખેલાડીઓ વગેરેએ તેમની સિદ્ધિના આધાર પુરાવાની વિગતો, વ્યક્તિગત કે સામુહિક સાંસ્કૃતિક કૃતિની વિગતો તા. ૧૦મી જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં તેમને લાગુ પડતા વોર્ડના કારોબારી સભ્યોને રૂબરૂ પહોચાડવી.

રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા-શૈક્ષણિક ટ્રસ્ટના પ્રમુખપદે વરણી

ગાંધીનગરના સેક્ટર-૨૪ ખાતે રહેતા તુલસીભાઈ ખુબાજી માળીને

સામસ્ત રાજસ્થાન સામાજ સાર્વજનિક સેવા તથા શૈક્ષણિક ટ્રસ્ટ મહાનગર ગાંધીનગરના પ્રમુખપદે નિયુક્તિ આપવામાં આવી છે. સમસ્ત રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા અને શૈક્ષણિક ટ્રસ્ટમાં સામેલ તમામ આમસભા ૩૬ કોમના હજારો રાજસ્થાની સામાજિક કાર્યકરોની ઉપસ્થિતિમાં આ નિયુક્તિ કરવામાં આવી હતી.

ગિફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની પ્રથમ હોટલ ગ્રાન્ડ મરક્યુરીનો પ્રારંભ

૧૫૧ રૂમની હોટલમાં સ્વીમીંગ પૂલ, જીમ, યોગા પેવેલિયન સહીતની સુવિધા : હોટલ વેલ્યુએડીશન બનશે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૮

ગીફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની પ્રથમ હોટલ

ગ્રાન્ડ મરક્યુરીનો આજે મુખ્યમંત્રીએ પ્રારંભ કરાવ્યો હતો. સમગ્ર દેશમાં ૧૫૧ રૂમની સુવિધા ધરાવતી આ ત્રીજી હોટલ છે. આ હોટલમાં સ્વીમાંગ પૂલ, જીમ અને યોગા પેવેલિયનની પણ સુવિધા ઉપલબ્ધ છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મોડેલ ગ્રીન ફિલ્ડ સ્માર્ટ સિટી તરીકે વિકસી રહેલા ગીફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રિય કક્ષાની પ્રથમ હોટલ ગ્રાન્ડ મરક્યુરીને ખૂલ્લી મૂકતાં ગિફ્ટ સિટીની સમગ્ર ઈકોસિસ્ટમમાં આ હોટલ એક વેલ્યુએડીશન બનશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

આ ફાઈવસ્ટાર કક્ષાની ગ્રાન્ડ મરક્યુરી હોટલ ગિફ્ટ સિટીમાં બ્રિગેડ ગૃપ અને એકોર ગૃપના સંયુકત સાહસ તરીકે શરૂ થઈ છે. ૯ માળ અને ૧૫૧ રૂમની સુવિધા ધરાવતી આ હોટલ ભારતમાં આ પ્રકારની ત્રીજી હોટલ બની છે. વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું કે રાજ્યમાં બિઝનેસ ફ્રેન્ડલી એન્વાયરમેન્ટ અને પ્રોત્સાહક પોલિસીઝને પરિણામે ગુજરાત બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે. આ સંજોગોમાં વિકાસ સાથે સમૃદ્ધિ અને સમૃદ્ધિ સાથે સન્માનની

દિશામાં એકોર-બ્રિગેડ ગૃપનું ગિફ્ટ સિટીમાં આગમન ગિફ્ટ સિટી અને હોટલ ગૃપ બેય માટે વિન-વિન સિચ્યુએશન બની રહેશે.

આના પરિણામે ગિફ્ટ સિટી સહિતના સ્થળોએ અન્ય રાજ્યોમાંથી ઊદ્યોગ-વ્યવસાય માટે આવનારા લોકો ગુજરાતને પોતાનું પરમેનેન્ટ સ્ટેટ બનાવવા ઉત્સુક રહે છે તેમ તેમણે ગૌરવ સહ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ ગ્રાન્ડ મરકયુરી હોટેલ ગાંધીનગર, અમદાવાદ અને આસપાસના વિસ્તારોને શ્રેષ્ઠત્તમ હોસ્પિટાલિટી પૂરી પાડશે તેવી અપેક્ષા સાથે આ નવતર સાહસની સફળતા માટે અભિનંદન આપ્યા હતા.

પ્રવાસન મંત્રી જવાહરભાઈ ચાવડાએ રાજ્યમાં અન્ય પ્રવાસન-યાત્રાધામોમાં પણ આવી હોટેલ્સ-હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રી શરૂ કરવા માટે આગળ આવનારાઓને સરકાર સહયોગ કરશે તેમ પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું હતું. બ્રિગેડ ગૃપના ચેરમેન એન્ડ મેનેજિંગ ડિરેકટર એમ. આર. જયશંકરે સૌને આવકારી આ પ્રોજેકટની શરૂઆતથી તે સાકાર થયો તેની રોમાંચક ભૂમિકા આપી હતી.

એકોર ગૃપના ડેવલપમેન્ટ એન્ડ સ્પેશયલ પ્રોજેકટ વાઈસ પ્રેસિડેન્ટ લોકેશ સબરવાલ, ગ્રાન્ડ મરકયુરી ગાંધીનગરના સીઈઓ બિજોય સેનગુપ્તા વગેરેએ હોટલની વિશેષતાઓ વર્ણવી હતી.

સમગ્ર શરીર પાર્થિવ છે, ચૈતન્ય જ આપણું મૂળસ્વરૂપ છે અને ભાગવત્ ગ્રંથ આપણને ત્યાં સુધી પહોંચાડે છે

ભાગવત્ કથાના ત્રીજા દિવસે અદભૂત કથા આગળ વધી...રમણીય – નાજૂક વાતાવરણમાં, સંગીતની સુરાવલી વચ્ચે પૂ. ગુરુમા દ્વારા સુંદર દ્રષ્ટાંતોની સમજૂતી અપાઈ. ભાગવત્ ના દરેક ઉપદેશમાં ભક્તિની વાત હોય અથવા તત્વજ્ઞાનની વાત હોય. તેઓ એ કહ્યું મનુષ્ય જીવન માટે ભક્તિ અને કર્મ એ પરેજી છે. તત્વજ્ઞાન એ દવા છે. માત્ર તપ કરવાથી તત્વજ્ઞાન પ્રાપ્ત થતું નથી. મહાપુરુષોની ચરણરજ મસ્તક પર ધરવાથી જ તત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. ગુરુની શરણાગતિનું આજ મહત્વ છે.

સમગ્ર શરીર પાર્થિવ છે. ચૈતન્ય જ આપણું મૂળસ્વરૂપ છે. અને ભાગવત્ ગ્રંથ આપણને ત્યાં સુધી પહોંચાડે છે.

ભાગવત્ ગ્રંથના સ્કંધ-૬ માં એવા કેટલાક મંત્રોનો સમાવેશ છે જે જીવનની જુદી – જુદી અઘરી પરિસ્થિતીઓમાં ચમત્કાર સર્જવાનો પાવર ધરાવે છે. એ મંત્રજાપથી મનુષ્ય ઈચ્છીત ફળ પ્રાપ્ત કરી શકે છે.

પુરાણોમાં જંબુદ્વીપ તરીકે જેનો ઉલ્લેખ છે એવા આ ભારત વર્ષમાં દેવતાઓ પણ વાસ કરવા ઈચ્છે છે. આત્મજ્ઞાન અને ભક્તિના મૂળ અહીં પડેલા છે. ભારત દેશનો કોઈ વિકલ્પ નથી. જે નિંદા કરે છે એ અજ્ઞાની છે.

નરકથી બચવું કઈ રીતે ? એ પ્રશ્નના જવાબમાં ભાગવત્ કહે છે, કરેલા પાપોનું આજ જન્મમાં પ્રાયશ્ચિત કરી લેવામાં આવે અને નવા પાપ ન કરવામાં આવે તો નરકમાંથી બચી શકાય છે. કર્મથી કર્મબંધન નષ્ટ થઈ શકતું નથી. તત્વજ્ઞાન જ માત્ર ઉપાય છે.

ભક્તિ, ભક્તને ઓગાળે છે. અદ્વૈતનું જ્ઞાન કરાવવામાં ભક્તિનું મોટું યોગદાન છે. ભગવાનના નામ સ્મરણથી સર્વે પાપોનો નાશ થાય છે. અજામીલ ઉપાખ્યાન ભાગવત્ માં મહત્વનું દ્રષ્ટાંત પૂરું પાડે છે. એ જણાવે છે કે પ્રભુનું નામ કેટલું મહામુલું છે. એનો આશ્રય લેવાથી કેટલું પરિવર્તન અને સજાગતા આવી શકે છે. જીવનમાં હરિનામ રૂપી ધન એકઠું કરતા જાવ, જે મોક્ષ પ્રાપ્ત કરાવશે.

જીવનમાં જે પણ આવે એ સહન કરી લો. વિરોધથી સમય, શક્તિ, શાંતિ વેડફાતા હોય તો સ્વીકારી લો. સમાધાન એજ ઉપાય છે.

મનુષ્ય માત્ર પ્રભુની કઠપૂતલી છે. જીવન એક વણઝારાનો સંઘ છે. સંબંધો શરીરના આધારે બને છે અને તૂટે છે. સંયોગ – વિયોગ થતા રહે છે. સમગ્ર જગત અનિત્ય છે. પ્રભુનામ નિત્ય છે. એમાં વ્યસ્ત થવું એજ મનુષ્યના હિતમાં છે. ભગવાનના સ્મરણનું ખૂબ મહત્વ ભાગવત્ માં દર્શાવાયું છે. ભાવ કરતાં સ્મરણ અગત્યનું છે. કેવળ સ્મરણનું જ ભગવાન સ્મરણ રાખે છે.

પાંડિત્ય, વાકચાતુર્ય વગેરે મોક્ષ આપનારું નથી. બોલવું સરળ છે. બોલેલું જીવવું અઘરું છે. એ જે કરી શકે એજ મોક્ષ પામે છે.

નારદજી, ભક્ત પ્રહલાદને ઉપદેશ આપતા કહે છે. આ દેહ અનિત્ય છે. એમાં વિકાર રહેલા છે. આત્મા નિર્વિકાર છે. અવિક્રયી છે. અસંગી છે. સાક્ષી સ્વરૂપ છે. દ્રષ્ટા છે. અનાવૃત છે. પ્રભુ ભક્તિ સત્ય છે. બીજુ બધું જ વિટંબણાઓ છે. આડંબર છે. વેરઝેર કઠોરતા છોડી, સર્વમાં પોતાની જાત મૂકી વ્યવહાર કરો.

સમસ્ત જગત પ્રભુનું પ્રતિબિંબ છે. પ્રભુ બિંબભૂત છે. પ્રહલાદે માંગેલું વરદાન, આજના મનુષ્ય માટે પણ એટલું જ યોગ્ય છે. કહે છે. " મારા અંતરમાં ક્યારેય કોઈ કામના – વાસના ઉતપન્ન ન થાય એવું વરદાન આપો. સતત પ્રભુ સ્મરણ રહે. " સતત પ્રભુ સ્મરણ રહે એ ઈશ્વરની આરાધનાનું ફળ છે.

આમ જીવનના પાયાના મૂલ્યની વાતોથી ભાવિક શ્રોતાજનો સતત ભીંજાતા રહ્યા.

સંકલન - મમતા રાવલ

ભાવિકોએ અશ્રુધારા વહાવીને રામ-કૃષ્ણ જન્મને વધાવ્યા

જવાબદારીઓ ઘણી હોય તો પણ સત્સંગ માટે સમય કાઢો : પૂ. ગુરુમા

સમદર્શન આશ્રમ, સેકટર-૧ ખાતે યોજાઈ રહેલી શ્રીમદ્ભાગવત કથામાં બુધવારે સવારે ભગવાન શ્રી રામ જન્મ અને સાંજે શ્રી કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય અને ભાવવાહી ઉજવણી કરાઈ હતી. પૂ. ગુરુમા સમાનંદ સરસ્વતીજીના ભાવવાહી નિરૂપણથી ભાવિકો-શ્રાવકોએ ચોધાર અશ્રુઓની ધારા વહાવીને ભક્તિ ભાવપૂર્વક ભગવાન શ્રી રામ અને શ્રી કૃષ્ણના જન્મને વધાવ્યા હતા. સમદર્શન આશ્રમમાં હજજારો શ્રોતાઓએ આ ઓચ્છવનો આનંદ માણ્યો હતો.

શ્રીમદ્ ભાગવત કથાના ચોથા દિવસે પૂ. ગુરુમા એ કૂર્માવતાર, વામન અવતારની સાથે સમુદ્રમંથનની ગાથા વર્ણવી હતી. પૂ.ગુરુમાના વક્તવ્યમાંથી તારવેલા મહત્વના અંશો :

- ભક્તિ હોય તો પ્રભુને પાંડિત્યની આવશ્યકતા નથી હોતી. પાંડિત્ય ન હોય અને અનન્ય ભક્તિ હોય તો પણ ભગવાન સંતુષ્ટ થાય છે.
- અંતરમાં ઉત્પન્ન થતી કામનાઓ ઘણું બધું નષ્ટ કરી નાખે છે. મનમાં કામના ઉત્પન્ન થાય તો મન વિચલીત થઈ જાય છે.
- આપનું કુટુમ્બ મોટું હોય, જવાબદારીઓ ઘણી હોય તો પણ

સત્સંગ માટે વ્યક્તિ માટે સમય જરૂર કાઢો.
- આપણી બુધ્ધિની-કલ્પનાની મર્યાદામાં કંઈ ન આવે તો એનો મતલબ એ નહીં કે એ સત્ય નથી.
- મનુષ્યને ભ્રમ હોય છે કે, જે કંઈ પણ થઈ રહ્યું છે તે તેના વડે જ થઈ રહ્યુ છે. ખરેખર તો એ ભ્રાંતિ છે. જે કંઈ થાય છે તે ઈશ્વર જ કરે છે.
- સૈનિકોના શરીર પરના ઘાવ એ ભૂષણ છે, અન્યની રક્ષા કરતાં-કરતાં જે ઘાવ લાગ્યા હોય એ ભૂષણ છે. આપણે ત્યા નતમસ્તક હોઈએ છીએ. ભોળા શંભુએ હળાહળ ઝેર પીધું અને તેમનો કંઠ નીલ થઈ ગયો તે તેમનું આભુષણ છે.
- સજ્જન પુરૂષને - સાધુ પુરૂષને પોતાનું કાંઈ દુઃખ નથી હોતું. એ તો બીજાના દુઃખે દુઃખી હોય છે.
- હસવામાં ક્યારેય કંજુસાઈ ન કરવી.
- ધનના પાંચ વિભાગ કરવા જાઈએ; ધર્મ માટે ધન, યશ પ્રાપ્તિ માટે ધન, ધનની પ્રાપ્તિ માટે ધન પોતાની ઈચ્છા-કામનાની પૂર્તિ માટેનું ધન અને જ્ઞાતિ બંધુઓ માટેનું ધન. આમ શુક્રાચાર્યએ બલિરાજાને સમજાવ્યું છે.
- જે ભગવાનનો ભક્ત હોય છે તેમાં નમ્રતા, સરળતા અને પ્રેમભાવ સતત હોય છે.
- પોતાની ઈન્દ્રિયોને બેફામ સ્વતંત્રતા આપીને જગતમાં રખડતી ન મૂકવી જાઈએ.

આજે નાંદોલ ખાતે હસમુખ મેકવાનનું નાટક "સમજો તો સારૂ" ભજવાશે

ગાંધીનગરના જાણીતા પીઢ અભિનેતા, નાટ્યકાર હસમુખ મેકવાન દ્વારા તૈયાર કરવામાં આવેલા નાટક "સમજો તો સારૂ"નું પ્રિશા આર્ટ ફાઉન્ડેશન દ્વારા માહિતી નિયામક કચેરીના સહયોગથી ૧૯મી ડિસેમ્બર ગુરૂવારે રાત્રે ૮ કલાકે દહેગામ તાલુકાના નાંદોલ ગામે ગ્રામ પંચાયત કચેરી ખાતે સૌ પ્રથમવાર મંચન કરવામાં આવશે. દર્શકોને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે જેનો લાભ લેવા નાંદોલ ગામ તથા આસપાસના વિસ્તારની ગ્રામીણ જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

સુઘડ હત્યા કેસમાં સીસી ટીવીના આધારે શકમંદોની શોધખોળ

ગાંધીનગર નજીક સુઘડ પાસે એટલાન્ટિક પાર્ક સોસાયટી ખાતે તાજેતરમાં ભર બપોરે ઘરમા ઘુસીને મહિલાને ગળાના ભાગે તિક્ષ્ણ હથીયારના ઘા મારી મહિલાની હત્યા નિપજાવી હતી. હત્યાના બનાવને પગલે સમગ્ર એટલાન્ટિક પાર્કમાં હાહાકાર મચી જવા પામી છે. બે દિવસનો સમય વિતી જવા છતા પોલીસને હત્યારા સુધી પહોંચવા માટે મહત્વની કોઈ કડી મળી નથી. ત્યારે હત્યાના બનાવને પગલે એલીસીબી, એસઓજી અને અડાલજ પોલીસ તપાસમાં જોડાઈ છે. પોલીસની ટીમો દ્વારા વિવિધ થિયરી પર તપાસ ચલાવાઈ રહી છે,ત્યારે હાલના સમયે તો પોલીસ શકમંદોની શોધખોળ કરી રહી છે. એટલાન્ટિક પાર્ક સોસાયટી ખાતે સીસીટીવી કેમેરા નથી, પરંતુ અડીને આવેલા અગોરા મોલના બે ટાવર અને સોસાયટીની પાછળ આલેવી દુકાનોના સીસીટીવી ફુટેજ પોલીસે કબ્જે લીધા છે. ત્યારે હત્યાના બનાવ દરમિયાન નીકળેલા નાગરીકોની હિલચાલ પરથી પોલીસ શંકાસ્પદો આઈડેન્ટીફાય કરી રહી છે. તે ઉપરાંત આ સમય દરમિયાનના મોબાઈલ ફોનના લોકેશન પણ ચેક થઈ રહ્યા છે.

ગાંધીનગર સુઘડ ખાતે મહિલાની હત્યાના કેસમાં પોલીસ તપાસ કરી રહી છે.ત્યારે ગાંધીનગરમાં નોંધાયેલા હત્યાના કેસોની વાત કરીએ તો છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લામાં કુલ ૧૦૩ હત્યાની ઘટના બની છે. જેમાં અત્યાર સુધીમાં પોલીસ દ્વારા કુલ ૧૮૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જયારે બે આરોપીઓ પકડાયા નથી. હત્યાના આ આંકડા તા.૧-૭-૨૦૧૪ થી ૩૦-૬-૨૦૧૯ સુધીના છે. જેમાં વર્ષ ૨૦૧૪-૧૫ માં ૧૯, ૨૦૧૫-૧૬ માં ૩૩, ૨૦૧૬-૧૭માં ૧૩, ૨૦૧૭-૧૮ માં ૨૧ અને ૨૦૧૮-૧૯ માં હત્યાની ૧૭ ઘટનાઓ પોલીસના ચોપડે નોંધાઈ છે. આ માહિતી વિધાનસભા સત્ર દરમિયાન કાલાવડના ધારાસભ્ય પ્રવિણભાઈ મુસડીયાએ પુછેલા સવાલના મુખ્યમંત્રીએ આપેલા જવાબમાંથી બહાર આવી છે.

વિધાનસભા અધ્યક્ષની અખિલ ભારતીય પ્રમુખ અધિકારી પરિષદમાં ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૧૮

ઉત્તરાખંડના દહેરાદૂન ખાતે તાજેતરમાં ૭૯મી અખિલ ભારતીય પ્રમુખ અધિકારીઓની પરિષદ યોજાઈ હતી. જેમાં ગુજરાત વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

આ પરિષદનુ ઉદ્ઘાટન લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કર્યુ હતુ. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ સંસદીય લોકશાહીના સંવર્ધન અંગેની ચર્ચામાં ભાગ લીધો હતો. તેઓની પેનલ મેમ્બર તરીકે પણ નિમણૂંક કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બર ૨૦૧૯ના કમ્પાલા (યુગાન્ડા) ખાતે યોજાયેલ કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સમાં પણ તેઓની પેનલ મેમ્બર તરીકે નિમણૂંક કરાઈ છે.

જાહેર નોટીસ

અરજદારના વિ.વ.શ્રી શ્રી પી.એન. પટેલ
ધનસુરાના મે.પ્રીન્સીપાલ સિવિલ જજ અને જ્યુડી. મેજી. ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ધનસુરા ફો.પ.અ.નં. - ૧૦૭/૨૦૧૯

અરજદાર : જયંતીલાલ કરશનભાઈ પટેલ
રહે. રમોશકંપા, તા. ધનસુરા, જી. અરવલ્લી
વિરૂદ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
તલાટી કમ મંત્રીશ્રી, રમોશ ગ્રામ પંચાયત,
તા. ધનસુરા, જી. અરવલ્લી

બાબત : જન્મ-મરણ અધિનિયમ-૧૩(૩) મુજબ..

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિદ્ધિથી જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદાર પટેલ જયંતીલાલ કરશનભાઈ રહે. રમોશકંપા, તા. ધનસુરા, જી. અરવલ્લી નાઓના મોટા પુત્ર હર્ષકુમાર જયંતીલાલ સેંધાણીનાઓનો જન્મ - તા. ૭/૧/૧૯૯૫ના રોજ રમોશકંપા મુકામે થયેલ છે. ઉપરોક્ત જન્મની નોંધણી જે તે સમયે શરત ચુકથી કરાવવાની રહી ગયેલ હોય ઉપરોક્ત અરજદારે તેમના જન્મ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. ૧૦૭/૨૦૧૯ દાખલ કરેલ છે. જેથી અરજદારના જન્મ ઉપરોક્ત દર્શાવેલ તારીખ અને સ્થળે થયેલ હોય જેના જન્મની નોંધણી રમોશ ગ્રામ પંચાયત તા. ધનસુરા, જી. અરવલ્લીમાં નોંધાવવાની હોઈ જે બાબતે જે કોઈ ઈસમોને વાંધો, હરકત કે હેલો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધિ થયેથી મુ. તા. ૧૮/૧/૨૦૨૦ના રોજ અત્રેની કોર્ટમાં સવારના ૧૦-૪૫ કલાકે હાજર થઈ વાંધાઓ રજૂ કરવા, જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે, જેની સર્વે ઈસમોએ નોંધ લેવી.
આજ તા. ૧૬મી માહે ડીસેમ્બર સને -૨૦૧૯ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર સહી/- (એમ.ડી. કામલે) આસીસ્ટન્ટ
મુકાબલ કરનાર સહી/- (જે.જે. વેદ) આસીસ્ટન્ટ
કોર્ટનો સીક્કો
હુકમથી સહી/- (વિ.પી. આસોડીયા) રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીવીલ અને જ્યુડી. મેજી.ફ.ક. કોર્ટ ધનસુરા

ઉત્તર ગોવા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ અંકિતા નવલેકરના નેતૃત્વમાં આજે ૨૫ સભ્યોનું પ્રતિનિધિમંડળ ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે અને ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરીની મુલાકાતે ગયુ હતુ. જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારી રાવલે પંચાયતી રાજ વ્યવસ્થા અને વિકાસના કામોનુ થતુ મોનીટરીંગ સહિતની રસપ્રદ વિગતો આપી હતી. આ સભ્યોએ અધિકારીઓ સાથે સારી ચર્ચાઓ કરી હતી. આ પછી પ્રતિનિધિમંડળ મહાનગરપાલિકાની કચેરીએ ગયુ હતુ જ્યાં ડે. મેયર નાઝાભાઈ ઘાંઘરે મનપાના સ્માર્ટસીટી પ્રોજેક્ટ, ગ્રીનસીટી, ક્લીન સીટી જેવા વિષયોને લઈ સભ્યોને થઈ રહેલ કામગીરીની વિગતો આપી હતી. આ પ્રતિનિધિ મંડળ સાથે ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રીમતિ હીના પટેલ અને અન્ય આગેવાનો પણ જોડાયા હતા.